# પાલનપુરમાં લાંબા સમયના વિરામબાદ મેઘરાજાની પધરામણી



પાલનપુરમાં છેલ્લા એક સપ્તાહથી કાળઝાળ ગરમી અને બફારાથી શહેરીજનો તોબા પોકારી ગયા હતા. ગતરોજ શહેરના હાઈવે વિસ્તારોમાં વરસાદી ઝાપટુ પડ્યું હતું. જ્યારે આજે મોડી સાંજે શહેરમાં એકા એક મેઘરાજાની પધરામણી થતાં શહેરીજનો ખુશીથી ઝુમી ઉઠ્યા હતા.પશુ પંખીઓએ પણ ઠંડક અનુભવી હતી. જ્યારે શહેરના નિચાણવાળા વિસ્તારોમાં પરંપરાગત પાણી ભરાવાની સમસ્યાઓ ઉદ્‌ભવી હતી. શહેરના મહિલા મંડળથી કમાલપુરા સુધી વરસાદી પાણી નિકાલની પાઈપ લાઈન બિછાવાની જે કામગીરી ગોકળ ગતિએ ચાલી રહી છે. ત્યાં જાહેર માર્ગ ઉપર કાદવ કીચડ અને મોટા ખાડાઓ પડતા રાહદારીઓ અને વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા.

# પાલનપુરના ચડોતર નજીક છરીની અણીએ ટોયટા ગાડીની લૂંટ કરાઈ

પાલનપુર

પાલનપુર-ડીસા હાઈવે પર આવેલ ચડોતર ગામ નજીક ગુરુવાર ની રાત્રીએ મુસાફર ના સ્વાંગ માં ગાડી માં સવાર બે અજાણ્યા બે લૂંટારૂઓ છરીની અણીએ ટોયટા ગાડીની લૂંટ ચલાવી ને અંધારા માં ભાગી જતા સનસનાટી મચી જવા પામી છે પાલનપુરના એરોમાં સર્કલ પર ઉભેલા બે અજાણ્યા શખ્સોએ રાજસ્થાન જતી ટોયટા ગાડીમાં ડીસા જવા માટે લિફ્ટ માંગીને ગાડીમાં સવાર થયા હતા. બાદમાં ચડોતર નજીક ગાડીના ચાલક ઉપર છરી વડે હુમલો કરીને તેમજ ચાલકને ગાડીમાં ઘસેડીને બહાર ફેંકી દઇ ગાડી લઈને ભાગી છૂટયા હતા. લૂંટના બનાવને લઈ પોલીસ દ્રારા અજાણ્યા લૂંટારુઓને ઝડપી લેવાના પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે.

ચડોતર નજીક રાત્રીના સમયે ચાલક ઉપર હુમલો કરીને ગાડીની લૂંટ ચલાવવાના બનાવમાં રાજસ્થાન - બાડમેરના લંગોરા ગામના વતની અને છેલ્લા દસ વર્ષથી ડ્રાઈવિંગનો ધંધો કરતા નરસીંગારામ ત્રિકમારામ રાયકા(રબારી) જે પોતાની ઈટીયોસ ટોયટા ગાડી નં. આર.જે ૦૪ સીએ ૩૦૬૫ લઈને તા.૧૮ જુલાઈને ગુરુવારના રોજ અમદાવાદ ગયા હતા અને પરત ફરતી વખતે રાત્રિના ૧૨ વાગ્યાની આસપાસ પાલનપુરના એરોમા ચોકડી થી પસાર થઈ રહ્યા હતા ત્યારે અહી ઉભેલા બે અજાણ્યા શખ્સોએ ગાડીના ચાલક પાસે રાધનપુર જવાનું કહીને ગાડીમાં લિફ્ટ માંગી હતી. જોકે ગાડી રાજસ્થાન જતી હોવાનું ચાલકે જણાવતા મુસાફરના સ્વાગમાં ઉભેલા બે શખ્સોએ તેમને ડીસા ઉતારી દેવાનું જણાવી ગાડીમાં સવાર થયા હતા. બાદમાં ગાડી ડીસા તરફ જવા રવાના થઈ હતી. દરમ્યાન ગાડી ચડોતર નજીકના એમ ધાબા પાસે પહોંચતા ગાડીમાં સવાર બે શખ્સોએ ગાડીના ચાલક નરસીગારામને છરી બતાવી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી ગાડી રોડ સાઈડમાં ઉભી રખાવી હતી અને ચાલક ને ગાડીમાંથી ઉતરી જવાનું કહેવામાં આવતા ચાલકે ના પાડી હતી જેને લઈ તેના પર છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો અને ચાલકનું ગળું દબાવી તેને ગાડીમાંથી ઘસેડીને રોડ સાઈડમાં ફેંકી દઈ અજાણ્યા બે શખ્સો ગાડીની લૂંટ ચલાવી નાસી છૂટયા હતા. આ લૂંટના બનાવમાં ચાલકને હાથના ભાગે ઈજાઓ થતા તેને ૧૦૮ મારફતે સારવાર અર્થે પાલનપુરની સિવિલમાં દાખલ કરાયો હતો અને ગાડીની લૂંટ મામલે પાલનપુર તાલુકા પોલીસ મથકે મુસાફરના સ્વાંગમાં ગાડીની લૂંટ કરનાર અજાણ્યા બે લૂંટારૂઓ સામે ફરીયાદ નોંધાવતા પોલીસે લૂંટના બનાવની તપાસ હાથ ધરી છે.

# મેઘરાજાને રીઝવવા માટે પાલનપુરમાં ઢુંઢીયા બાપજી પર જળાભિષેક કરાયો

## મહિલાઓ ઘેર ઘેર જઇ ઢુંઢીયા બાપજીને નવડાવ્યા



પાલનપુર

રાજયભરમાં વરસાદ ખેંચતા અછતની સ્થિતિ સર્જાઈ છે જેને લઈ ખેડૂત સાથે તમામ વર્ગ ચિંતીત થઈ ઉઠ્યો છે અને રીસાયેલા મેઘરાજાને મનાવવા માટે હોમ હવન અને પ્રાર્થનાઓ કરી રહ્યા છે ત્યારે પાલનપુરમાં પણ વરુણદેવને રીઝવવા માટે મહિલાઓ દ્રારા ઢુંઢિયા બાપજીના વરઘોડા નીકાળવામાં આવી રહ્યા છે અને ઘેર ઘેર ફરીને ઢુંઢીયા બાપજી પર જલાભિષેક કરીને નહડાવવામાં આવી રહ્યા છે. વરસાદનું આગમન ન થતા પાલનપુરમાં સિવિલ હોસ્પિટલ પાછળ આવેલા બ્રાહ્મણવાસમાં મહિલાઓએ મેઘરાજ આગમન કરે તે માટે શુક્રવારના રોજ વર્ષો જૂની ઢુંઢીયા બાપજીની પરંપરા અનુસાર ઢુંઢિયા બાપજીનો વરઘોડો નીકાળવામાં આવ્યો હતો અને મહિલાઓ દ્રારા ઢુંઢીયા બાપજી પર જલાભિષેક કરવામાં આવ્યા હતા તેમજ દાનરૂપે અન્નદાન અને ચણ એકત્ર કરવામાં આવ્યું હતું.

# ભિલોડાના વેજપુરમાં છાત્રાલયના રસોઈ કામદારનું વીજ કરંટથી મોત

ભિલોડા, તા. ૨૧

ભિલોડા તાલુકાના વેજપુર



ગામની કુમાર છત્રાલયમાં રસોઈ કામ કરતા દિનેશભાઈ લક્ષમનભાઈ ભાઈ ઉં. વર્ષ ૪૦નું વીજ કરંટ લાગતા ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. કુમાર છાત્રાલય બહાર ઝાડ પરથી પસાર થતા વીજ તારનો કરંટ ઉતરતા મોત નિપજતા વેજપુર ગામમાં શોક સર્જાયો હતો. વીજ વિભાગની બેદરકારીથી અરવલ્લી જિલ્લાના અનેક લોકો અને પશુઓએ જીવ ગુમાવ્યો છે ત્યારે વધુ એક કિસ્સામાં જીવ ગુમાવતા સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો હતો. ઘટનાની જાણ છાત્રાલયના સંચાલકો અને ગ્રામજનો માલુમ પડતા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા અને ભોગ બનેલા દિનેશભાઈના મૃતદેહને ભિલોડા કોટેજ હોસ્પિટલ ખાતે પોસ્ટમોટમ પ્રક્રિયા બાદ ભિલોડા કોટેજ હોસ્પિટલમા ફરજ બજાવતા મેડિકલ ઓફિસર ડૉ. ચૌધરીએ વીજ કરંટથી મોત નીપજ્યું હોવાનું પ્રાથમીક તપાસમાં જણાવ્યુ હતું અને મૃતદેહને પરિવારને સોંપી, સમગ્ર મામલાની ભિલોડા પોલીસે તપાસ હાથ ધરી અકસ્માતે મોતનો ગુનો નોંધી કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# અરવલ્લી જીલ્લામાં "ગુજરાત કાઉન્સિલ ઓફ પ્રોફેશનલ સિવિલ એન્જીનીયર" મોડાસાની રચના

મોડાસા, તા. ૨૧

મોડાસાના દેવાયતનગર ખાતે અરવલ્લી જીલ્લા એન્જીનીયર એન્ડ આર્કિટેક એશો.ના હોદ્દેદારો અને સદસ્યોની બેઠક જીલ્લા બિલ્ડર એશો. પ્રમુખ કમલેશ પટેલ અને આર્કિટેક એશો.ના પ્રમુખ દિવ્યકાંત પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. રાજ્ય સરકાર દ્વારા બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલા વ્યવસાયિક ભૂમિકા સુદ્રઢ કરવા "ગુજરાત કાઉન્સિલ ઓફ પ્રોફેશનલ સિવિલ એન્જીનીયર" રચના કરવામી આવી છે જેમાં રાજયમાં સૌ પ્રથમવાર મોડાસા શહેરના બિલ્ડર્સ અને આર્કિટેક એશો. દ્વારા મોડાસા કાઉન્સિલ ઓફ પ્રોફેશનલ સિવિલ એન્જીનીયર" રચના કરવામાં આવી હતી.

# બાયડના વાંટડા-કાવઠ ગામે મેઘ મહેર માટે શિવને પાણીમાં ડૂબાડયા

## લીંભોઈમાં વરૂણદેવને રીઝવવા પર્જન્ય યજ્ઞ

બાયડ, તા. ૨૧

અરવલ્લી જીલ્લામાં મેઘરાજાએ રીસામણા લેતા ખેડૂતો





અને પ્રજાજનોની હાલત કફોડી બની છે. જીલ્લાવાસીઓ ચાતક નજરે આકાશ તરફ મીટ માંડી મેઘમહેર થાય તેની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. પ્રજાજનોએ મેઘરાજાને રીઝવવા પ્રભુ શરણ લીધું છે.

બાયડના તાલુકાના વાંટડા-કાવઠ ગામે મેઘમહેર માટે શિવજી મંદિરમાં ગર્ભગૃહ પાણીથી તરબોળ કરી શિવલિંગને પાણીમાં ડુબાડી પ્રાર્થના કરી હતી. મોડાસા તાલુકામાં લીંભોઈ ગામે વરૂણદેવને રીઝવવા પર્જન્ય યજ્ઞ યોજ્યો હતો જેમાં ગ્રામજનો મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

અરવલ્લી જીલ્લામાં વાયુ ઈફેક્ટમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થતા ખેડૂતોમાં અને પ્રજાજનોમાં ખુશીની લહેર પ્રસરી હતી. ચોમાસાનો વિધિવત પ્રારંભ થયા પછી જીલ્લામાં સતત બે દિવસ મેઘમહેર યથાવત રહ્યા પછી અચાનક મેઘરાજા જાણે રીસામણાં લીધાં હોય તેમ મોડાસા તાલુકા જિલ્લા સહિત ગુજરાત ભરમાંથી ગાયબ થઈ જતાં હાલ તો વગર વરસાદે જગતના તાત સહિત સૌ કોઈ ચિંતીત જોવા મળી રહ્યા છે. બાયડ બાયડના તાલુકાના વાંટડા-કાવઠ ગામે આવેલ મહાદેવ શિવજીના મંદિરમાં શિવલિંગને પાણીમાં ડુબાડી અને ભગવાન ભોળા શિવ પાસે સારા વરસાદની માંગણી કરી હતી તો મંદિર પાસે વરસાદ માંગવા માટે રામધૂન પણ બોલાવી હતી અને ગ્રામજનોએ ભગવાન શિવ પાસે વરસાદ આપવા માટે આજીકા કરી હતી.

મોડાસા તાલુકાના લીંભોઈ ગામે ગ્રામજનોએ એકઠા થઈ પર્જન્ય યજ્ઞ યોજ્યો હતો જેમાં વરૂણદેવને રીઝવવા પ્રજાજનોએ પ્રભુને પ્રાર્થના અને આજીજી કરી હતી.

# ૧૫ વર્ષ અગાઉ ખીમાણાની મહિલાની હત્યાનો ભેદ ઉકેલતી ક્રાઈમ બ્રાન્ચ પાલનપુર



પાલનપુર

બનાસકાંઠાના ખીમાણા ગામે પંદર વર્ષ અગાઉ પ્રેમિકાને પામવા માટે એક ગરીબ અસ્થિર મગજની મહિલાનું કાવતરું રચીને હત્યા કરવામાં આવી હતી અને લાશને પ્રેમિકાની લાશ તરીકે ખપાવવાના કાવતરાનો બનાસકાંઠા લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે પર્દાફાશ કર્યો છે. જેમાં નિર્દોષ મહિલાનું ફિલ્મી ઢબે અપહરણ કર્યા બાદ લાશને સળગાવી દેવા તેમજ મૃતદેહ ને પ્રેમીકનો મૃતદેહ તરીકે ખપાવનાર ચાર આરોપીની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી છે.

ડીસા તાલુકાના મુડેઠા ગામના અને હાલ મહેસાણા રહેતા વિજુભા મણાજી રાઠોડ નામ ના શખ્સ ને બાલવા ગામની ભીખીબેન પ્રકાશભાઈ પંચાલ નામની મહિલા સાથે ગાંઠ પ્રેમ સંબંધ હોઈ પ્રેમિકાને પત્ની તરીકે સાથે રાખી જીવન ગુજારવા માટે પ્રેમિકાની તેના સાસરિયાઓ દ્વારા હત્યા કરવામાં આવી હોવાનું કાવતરું રચવામાં આવ્યું હતુ જેમાં વિજુભા દ્વારા ૧૫ વર્ષ અગાઉ તેના સાગરીતો જેણાજી ઉમેદજી પરમાર (ઠાકોર) તથા વખતસિંહ દેવચંદજી પરમાર (ઠાકોર) બંને રહે. ખીમણાવાળાએ સાથે મળી પૂર્વ આયોજિત કાવતરું રચી પ્રેમિકા ભીખીબેન પંચાલની જગ્યાએ ખીમાણા ગામની અસ્થિર મગજની શારદાબેન ચોથાભાઈ રાવળ નામની મહિલાનું અપહરણ કર્યું હતું બાદમાં તેને ભીખીબેન પંચાલ તરીકે ખપાવી તા.૬/૨/૨૦૦૫ ને રવિવારની રાત્રે આઠ વાગ્યે શારદાબેનનું ગળું દબાવીને હત્યા કરવામાં આવી હતી અને લાશને કેરોસીન છાંટીને સળગાવી નાખવામાં આવી હતી.

બનાવમાં ભીખીબેનને સાસરિયાઓ દ્વારા સળગાવી દેવામાં આવી હોવાનું નાટક રચવામાં આવતા ભીખીબેનના સાસરિયા વિરુદ્ધ પિયર પક્ષ દ્વારા પાટણ પોલીસ મથકમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો આ ફિલ્મી ઢબે કરાયેલ અસ્થિર મગજની મહિલાની હત્યાનો ભેદ પોલીસે ચોરીના કેશની તપાસમાં ઉકેલીને હત્યારાઓને ઝડપી પાડી જેલના હવાલે કર્યા છે.



પાલનપુર ખાતે વર્ષોથી શ્રી પાતાળેશ્વર મહાદેવ મંદિર તેમજ શિતળા માતાના મંદિરમાં સેવા આપતા જય ભોલેનાથ ગૃપના ૩૦ સભ્યોએ આજરોજ પ્રથમવાર ભૂમિ બ્લડ બેન્કમાં બ્લડ ડોનેટ કર્યું હતું અને ભવિષ્યમાં ફરીથી આવા બ્લડ ડોનેટ કરવાનું આયોજન કરવામાં આવશે તેમ તેવોએ જણાવ્યું હતુ. સેવાભાવી મહિલા અગ્રણી દિપીકાબેન પરમારે પણ આ સેવા કાર્યને બિરદાવ્યું હતું.

# પાલનપુરની યુવતીએ યોગ વિષયમાં દેશમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું



હરિદ્વાર સ્થિત વિશ્વ વિખ્યાત દેવ સંસકૃતી વિશ્વ વિદ્યાલયમાં અભ્યાસ કરતી પાલનપુર ની બાફ઼ા એ યોગ ની પરીક્ષામાં દેશ કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ને બનાસકાંઠા નું ગૌરવ વધાર્યું છે

હરી ખાતે આવેલી વિશ્વ વિખ્યાત દેવ સંસ્કુત વિશ્વવિદ્યાલય માં રહેતી પાલનપુર ની બાફ઼ા નિયન્યા બીપીનભાઈ જોષી એ રાષ્ટ્રીય સ્તર પર નેશનલ એલિબ્રિટી ટેસ્ટ ની પરીક્ષા માં યોગ વિષય માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું આ સાથે જુનીયર રિસર્ચ ફેલોશીપ અને આસીસ્ટટ પ્રોફેસર ના પદ માટે પણ પસંદગી થઈ છે આ પ્રસંગે અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર ના વડા ડૉ. પ્રણવ પંડ્યા અને શ્રીમતી શૈલબાલા પંડ્યા નિયન્યા ને પ્રગતિ કરવાના આશીર્વાદ પાઠવ્યા હતા

# બનાસકાંઠા જિલ્લાના તીડ પ્રભાવિત વિસ્તારની કૃષિમંત્રી આર.સી. ફળદુએ મુલાકાત લીધી

પાલનપુર, તા. ૨૧

બનાસકાંઠા જિલ્લાના સૂઈગામ તાલુકાના મેઘપુરા અને



વાવ તાલુકાના તીડ પ્રભાવિત વિસ્તારની કૃષિ, ગ્રામ વિકાસ અને વાહન વ્યવહાર મંત્રી આર. સી. ફળદુએ મુલાકાત લઈ જાત નિરીક્ષણ કર્યુ હતું. કૃષિમંત્રીએ સરહદી વિસ્તારના ખેડૂતો અને ગામના આગેવાનો સાથે મુલાકાત કરી તીડના આક્રમણ અને તેના સામે તંત્ર દ્વારા લેવામાં આવેલા પગલાંઓ અંગેની જાત માહિતી મેળવી હતી. તીડથી ખેડૂતોના પાકને નુકશાન ન થાય તે માટે જરૂરી તમામ પગલાંઓ ભરવા મંત્રીએ અધિકારીઓને જરૂરી સુચના આપી હતી.

કૃષિમંત્રી આર.સી. ફળદુએ મિડીયા સાથેની મુલાકાતમાં જણાવ્યું કે પાકિસ્તાનની સરહદમાંથી બનાસકાંઠા જિલ્લાના સૂઈગામ અને વાવ તાલુકાના પાંચથી સાત ગામોમાં તીડના ઝુંડ આવ્યા હતાં. તેનો તે વખતે જ દવાનો છંટકાવ કરી સફાયો કરવામાં આવ્યો હતો. પરંતુ આ તીડો દ્વારા જમીનમાં ઈંડા મુકવામાં આવ્યા હતા. તે ઈંડા હવે બચ્ચા બન્યા છે. તેનો નાશ કરવામાં માટે દવાનો છંટકાવ સતત ચાલુ છે. તેમણે કહ્યું કે એક માદા તીડ આશરે ૬૦ થી ૧૦૦ ઈંડાઓ મુકતી હોય છે. જે મોટા થતાં તીડના ઝુંડ બને છે. કૃષિમંત્રીએ કહ્યું કે તીડ નિયંત્રણ માટે કેન્દ્ર સરકાર અને રાજય સરકાર સતત એલર્ટ છે. જયાં પણ તીડના લોકેશન મળે છે ત્યાં દવાનો છંટકાવ કરી તેનો નાશ કરવામાં આવે છે. તેમણે જણાવ્યું કે કેન્દ્ર સરકાર અને રાજય સરકારના કૃષિ વિભાગના અધિકારીઓ સતત મોનીટરીંગ કરી તીડ નિયંત્રણની કામગીરી કરી રહ્યા છે. તીડ નિયંત્રણ કામગીરીમાં અહીંના સ્થાનિક લોકો, ખેડૂતો અને માલધારીઓ તંત્રને ખુબ સારો સહકાર આપી રહ્યા છે.

# ડીસાની ઈન્દીરાનગર પ્રા. શાળામાં વાલી જાગૃતિ કાર્યક્રમ



ડીસા, તા. ૨૧

ડીસા શહેરમાં કાર્યરત વાલી હિતરક્ષક સમિતિના વિદ્યાર્થી-વાલી જાગૃતિ અભિયાન અંતર્ગત શનિવારે સવારે ધૂળિયાકોટ તરીકે જાણીતા ઈન્દીરાનગર વિસ્તારની પ્રાથમિક શાળામાં વાલી હિતરક્ષક સમિતિના પ્રમુખ વસંતભાઈ ગોસ્વામીના અધ્યક્ષસ્થાને જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સ્થાનિક પાલિકા સદસ્યા મંજુલાબેન કિરણભાઈ રાવળ, ડીસાના તાલુકા હેલ્થ ઓફિસર ડો. જીજ્ઞેશભાઈ હરિયાણી, જાણીતા પ્રકૃતિપ્રેમી જીતુભાઈ વૈદ્ય, આદર્શ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ રામરતનભાઈ સોની, અટલ સેનાના પ્રદેશ પ્રમુખ કાંતાબેન, ડો. વર્ષાબેન તેમજ પાલનપુરની સરકારી ટેક્નિકલ સ્કૂલના આચાર્ય મકવાણાએ આરોગ્ય જાળવણી, વનરાજીના જતનના ફાયદા, આકસ્મિક દુર્ઘટનાઓથી બચવા માટેના ઉપાયો તેમજ બાળકના ઉજ્જવળ ભાવિના નિર્માણમાં શાળા પરિવાર તેમજ વાલી સમુદાયની જાગૃતિના બહુમૂલ્ય પ્રદાન પર ઊંડો પ્રકાશ પાથરી સાચા અર્થમાં કાર્યક્રમને દીપાવ્યો હતો. આ કાર્યક્રમમાં વાલીઓ ખાસ કરીને માતા-બહેનોની હોશીલી હાજરી અને શાળા પરિવાર તેમજ એસએમસી કમિટીની સક્રીયતાએ કોઈ પણ ક્ષેત્રનું પછાતપણુ કાયમી ટકતું નથી એની પ્રત્યક્ષ પ્રતીતિ પણ કરાવી હતી. આ પ્રસંગે વાલીઓને વૃક્ષની ભેટ આપવા સાથે જરૂરિયાતમંદ બાળકોને ગણવેશ કે અન્ય સામગ્રી માટે હરહંમેશ સહયોગ આપવા ઉપસ્થિત મહેમાનોએ ખાતરી આપી હતી. આ કાર્યક્રમમાં શાળા સંકુલ અને બાળકોની સ્વચ્છતા અંગેની જાગૃતિ પણ ઉડીને આંખે વળગી હતી.

# ભિલોડાનગરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ધ્વારા ગુરૂપુર્ણિમા ઉત્સવ યોજાયો

ભિલોડા,તા.૨૧

ભિલોડાનગરમાં મહાવીર ભવન (જૈન સમાજ વાડી) પરીસરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ધ્વારા ગુરૂપુર્ણિમા ઉત્સવ યોજાયો હતો. પરીમલભાઈ પંડીત, ગાંધીનગર વિભાગ સહકાર્યવાહનું બૌધ્ધીક પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. ભિલોડાનગરના કાર્યકર્તાઓએ ભગવા ધ્વજનું પુજન કરી રાષ્ટ્ર માટે સર્વશક્તિમાન ભગવો ધ્વજ પ્રેરણા સ્ત્રોત છે. શાખાએ વ્યક્તિના વ્યક્તિત્વ નિર્માણ કરવાનું કેન્દ્ર છે. સંઘે જે પાંચ આયામોની રચના કરી છે તેમાં સ્વયંસેવકને રસ,રૂચી અનુસાર સંઘના જવાબદાર કાર્યકર્તાને મળીને સંઘના વિશેષ કામમાં જોડાવવાની હાકલ કરી હતી. ભિલોડાનગરના રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યકર્તાઓએ ગુરૂપુર્ણિમા ઉત્સવનું સુંદર રીતે સફળ આયોજન કરીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

**રક્તદાન-મહાદાન**
**ચક્ષુદાન-શ્રેષ્ઠદાન**

# દાંતીવાડાના જેગોલ ગામે બ્લડ કેમ્પ યોજાયો



દાંતીવાડા, તા. ૨૧

દાંતીવાડા તાલુકાના જેગોલ ૧૮ શ્રી ખડોસ ચૌધરી કેળવણી મંડળ સંચાલીત શ્રી બી.સી.ચૌધરી વિધાલય જેગોલ આયોજિત "રક્તદાન શિબિર" કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં મોટી સંખ્યામાં યુવા મંચ દ્વારા રક્તદાન કરવામાં આવ્યું હતું જેમાં ૧૦૧ લોકોએ રક્તદાન કર્યું હતું. જેમાં ખડોસ ચૌધરી કેળવણી આયોજિત અને ૧૦૧ બ્લડ બોટલ ભૂમિ બ્લડ બેંકને સુપ્રત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં રક્તદાન મહાદાનના સેવાકીય અભિગમ સાથે રક્ત એકત્રિત થયું હતું. દરમ્યાન સંસ્થા દ્વારા રક્તદાતાઓને પ્રમાણપત્ર અને પ્રોત્સાહન ભેટ આપી બિરદાવવામાં આવ્યા હતા.

આયોજનને સફળ બનાવવા માટે ધાનેરા મત વિસ્તારના ધારાસભ્ય નાથાભાઈ પટેલ, પી.જે. ચૌધરી, દેવજીભાઈ રૂપાવટ, પદમાભાઈ પટેલ સહિત શાળા કેળવણી મંડળના ટ્રસ્ટી, સમાજના વડીલો સહિત યુવાનો મોટી સખ્યાંમાં હાજર રહ્યા હતા. આ કાર્યકર્મને સફળ બનાવવા માટે જયેશભાઈ તેમજ જેન્તીભાઈનું મોટું યોગદાન રહ્યું હતું. આવેલ મહેમાનોને પણ શાલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ભૂમિ બ્લડ લેબોરેટરી દ્વારા બ્લડ દાતાઓ સન્માનિત કરવા માટે પણ બી.સી.ચૌધરી શાળા પરિવારને ઝેરોક્ષ પ્રીન્ટર ભેટ કરવામાં આવ્યું હતું.